# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વર્ષ 2023 માટે 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કર્યા.- અભિનેતા મોહનલાલને દાદા ફાળકે પુરસ્કાર અપાયો.

2) ગાંધીનગરમાં સ્ટાર્ટ-અપ પરિષદનો પ્રારંભ કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી એ કહ્યું, ત્રણ વર્ષમાં ભારત વૈશ્વિક નવિનતા સૂચિમાં ટોચના 10 દેશમાં સ્થાન પામશે.

3) ચીનમાં વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું "રાગાસા" ને પગલે 3 લાખ 70 હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા.

4) દિવાળી અને છઠના તહેવારમાં 12 હજાર વિશેષ ટ્રેન દોડાવાશે

5) એશિયા કપ T-20 ક્રિકેટમાં, આજે UAEમાં સુપર ફોરમાં શ્રીલંકા સામેની મેચમાં પાકિસ્તાને ટોસ જીતી બોલિંગ પસંદ કરી.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NATIONAL FILM AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં વર્ષ 2023 માટે 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા. ફિલ્મ નિર્માણ , વાર્તા કથન અને અભિનયમાં શ્રેષ્ઠતાની ઉજવણી કરવા માટે વિવિધ શ્રેણીઓમાં પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે , સુપ્રસિદ્ધ મલયાલમ અભિનેતા , દિગ્દર્શક અને નિર્માતા મોહનલાલને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા , જે સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ સન્માન છે. શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર 'ટ્વેલ્થ ફેઇલ' ને અપાયો, જ્યારે શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો પુરસ્કાર 'કટહલ: અ જેકફ્રૂટ મિસ્ટ્રી' ને આપવામાં આવ્યો હતો.

અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ ‘જવાન’ માટે જ્યારે અભિનેતા વિક્રાંત મેસીને 'ટ્વેલ્થ ફેઇલ' માટે શ્રેષ્ઠ અભિનેતા શ્રેણીમાં સન્માનિત કરાયા. ફિલ્મ મિસીસ ચેટર્જી વર્સિસ નોર્વેમાં અભિનય માટે રાની મુખર્જીને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર એનાયત કરાયો. સુશ્રી મુર્મુએ અભિનેતા મોહનલાલને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા.

(બાઇટ : PREZ-ON-MOHAN-LAL)

પુરસ્કારો પ્રદાન કર્યા પછી સભાને સંબોધતા , રાષ્ટ્રપતિ મુર્મુએ ફિલ્મ ઉદ્યોગમાં બની રહેલી મહિલા કેન્દ્રિત ફિલ્મો અને પુરસ્કારો પ્રાપ્ત કરવા બદલ ખુશી વ્યક્ત કરી.

. . .

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , દેશમાં ગત એક દાયકામાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે , જેના પરિણામે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ તંત્ર બન્યું છે. ગુજરાતના ગાંધીનગરમાં આજે બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદનો પ્રારંભ કરાવતા શ્રી શાહે સ્ટાર્ટ-અપ વ્યવસ્થાને નવા ભારતની કરોડરજ્જૂ સમાન ગણાવી. તેમણે આગામી ત્રણ વર્ષમાં યુવાશક્તિના આધારે ભારત વૈશ્વિક નવિનતા સૂચિમાં ટોચના 10 દેશમાં સ્થાન પામશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

. . .

# PM-SWACCHATA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના લોકોને સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી છે . સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેને એક પ્રેરણાદાયી પહેલ ગણાવી જે સામૂહિક જવાબદારી અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે લોકોને 25 સપ્ટેમ્બર ગુરુવારે સવારે 8 વાગ્યે સ્વચ્છતા ઉત્સવમાં જોડાવા અને શ્રમદાન કરવા વિનંતી કરી . આ દિવસ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પણ છે.

. . . .

# CHINA-RAGASA

ચીનમાં વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું, સુપર ટાયફૂન રાગાસા , આવી રહ્યું છે, ત્યારે ચીનમાં 3 લાખ 70 હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓએ 10 શહેરોમાં શાળાઓ અને વ્યવસાય બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

હોંગકોંગે વાવાઝોડાની ચેતવણી મહત્તમથી થોડી નીચે વધારી દીધી છે . ચીનની હવામાન એજન્સી દ્વારા "તોફાનોનો રાજા " તરીકે ઓળખાતું રાગાસા , બુધવારે ગુઆંગડોંગ પ્રાંતમાં લેન્ડફોલ થવાની ધારણા છે અને પછી ઉત્તર વિયેતનામ તરફ આગળ વધશે , જેનાથી લાખો લોકો જોખમમાં મુકાશે . 500 થી વધુ કેથે પેસિફિક ફ્લાઇટ્સ રદ થવાની શક્યતા છે.

. . . . . .

# RUSSIA-DRONES

રશિયાના હવાઈ સંરક્ષણ દળોએ રાત્રે મોસ્કો પર હુમલો કરી રહેલા યુક્રેનના 23 ડ્રોનને તોડી પાડ્યા છે. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને અહેવાલ આપ્યો છે કે ડ્રોન હુમલાથી  મોસ્કોમાં નાગરિક હવાઈ ટ્રાફિકને અસર થઈ છે . અધિકારીઓએ ગઈકાલે સાંજે મોસ્કોના શેરેમેટ્યેવો હવાઈ મથક પર ફ્લાઇટ્સ પર કામચલાઉ પ્રતિબંધો લાદ્યા હતા.

. . . . . . .

# RAILWAY - SPECIAL TRAIN

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે દિવાળી અને છઠના તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા માટે બાર હજાર ખાસ ટ્રેનો ચલાવવામાં આવશે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વિશેષ ટ્રેનો પહેલી ઓક્ટોબરથી 15 નવેમ્બર દરમિયાન દોડશે.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી)

. . . . . . . . . .

# GST-HOUSEHOLD AND TRACTORS

આગામી પેઢીના GST સુધારા દેશની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. હવે લોકો ગઈકાલથી લાગુ કરાયેલા GST સુધારાઓનો લાભ મેળવી શકે છે. નવા માળખા હેઠળ , GST પરીષદે અગાઉના પાંચ ટકા, 12 ટકા, 18 ટકા, 28 ટકાના ચાર-સ્તરીય માળખાને 5 ટકા અને 18 ટકાના બે સ્તરીય માળખામાં સરળ બનાવ્યું છે. વિવિધ પ્રકારની વસ્તુ અને સેવાઓ પર કર દર ઘટાડીને , આ સુધારા નાગરિકોને નોંધપાત્ર રાહત આપશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ - નિતિકા )

. . . . . . . . .

# AYUSHMAN BHARAT

આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આજે સાત વર્ષ પૂર્ણ થયા છે. સપ્ટેમ્બર 2018માં ઝારખંડના રાંચીથી શરૂ કરાયેલ , તે વિશ્વની સૌથી મોટી સરકારી આરોગ્ય વીમા યોજના છે . આ યોજનાએ ભારતમાં જાહેર આરોગ્ય સંભાળમાં પરિવર્તન લાવ્યું છે . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે આયુષ્માન ભારતને કારણે ભારત જાહેર આરોગ્ય સંભાળમાં ક્રાંતિ જોઈ રહ્યું છે.

. . . . . . . .

# CRICKET- ASIA CUP

એશિયા કપ T-20 ક્રિકેટમાં, આજે UAEના અબુ ધાબીમાં સુપર ફોરમાં પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે મેચ રમાશે . આ મેચ હમણાં 8 વાગ્યે શરૂ થશે . આજની મેચના પાકિસ્તાનએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . .

# PRADHAN - BUILDATHON EARLY

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં વિકસિત ભારત બિલ્ડાથોન 2025નો પ્રારંભ કરાવ્યો . આ પહેલનો હેતુ યુવાનોમાં સર્જનાત્મકતા , સમસ્યાનું નિરાકરણ અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે.

શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ , નીતિ આયોગના અટલ ઇનોવેશન મિશન સાથે મળીને , આ વર્ષે 13 ઓક્ટોબરના રોજ વિકસિત ભારત બિલ્ડાથોન 2025નું આયોજન કરી રહ્યું છે. તે યુવાનોને આત્મનિર્ભર ભારત, સ્વદેશી, વોકલ ફોર લોકલ અને સમૃદ્ધ ભારત જેવા વિષયો પર વિચાર , ડિઝાઇન અને પ્રોટોટાઇપ બનાવવા માટે પ્રેરણા આપશે.

વિદ્યાર્થીઓ આજથી 6 ઓક્ટોબર સુધી બિલ્ડાથોન માટે નોંધણી કરાવી શકે છે. આ દેશવ્યાપી ચળવળમાં દેશની છ લાખ શાળાઓના 12 કરોડ વિદ્યાર્થીઓ જોડાય તેવી અપેક્ષા છે.

. . . . .